# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 20-06-2024** **Evening : 7.10 to 7.20**

**Day : Thursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સંસ્કૃતિ ભૂંડિયા** વાંચે છે.

---

- રાજ્યભરના ૩૧૨ મુખ્ય સ્થળોએ આવતીકાલે આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરાશે.. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે બનાસકાંઠાના વડગામડા ગામમાં ગ્રામજનો સાથે સંવાદ કરશે.
- નવી દિલ્હી ખાતેની 'ગરવી ગુજરાત' બિલ્ડીંગને ગ્રીન રેટિંગ ફોર ઇન્ટિગ્રેટેડ હેબિટાટ એસેસમેન્ટ- ગૃહ દ્વારા થ્રી-સ્ટાર રેટિંગથી સન્માનિત કરાયું છે.
- કેન્દ્રિય ગૃહ અને સહકારમંત્રી અમિત શાહ આવતીકાલે અમદાવાદના પ્રવાસે આવશે. તેઓ અમદાવાદની 30 સ્માર્ટ શાળાનું લોકાર્પણ કરશે.
- કેન્દ્ર સરકારે ગુજરાત અને તમિળનાડુમાં દરિયાકિનારે પાંચસો મેગાવોટના બે પવન ઉર્જા પ્રોજેક્ટ સ્થાપવાની મંજૂરી આપી..
- રાજ્ય સરકાર દ્વારા રાજકોટ ગેમઝોન અગ્નિ દુર્ઘટના મામલે વિશેષ તપાસ ટુકડીએ પોતાનો અહેવાલ સોંપવા માટે વધુ સમયની માંગણી કરી...

-----------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# GUJ. YOGA DAY

રાજ્યભરના ૩૧૨ મુખ્ય સ્થળોએ આવતીકાલે આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરાશે.. મુખ્યમંત્રીના વડપણમાં રાજ્યકક્ષાનો કાર્યક્રમ સૌપ્રથમ વખત ભારત-પાકિસ્તાન સરહદે આવેલ નડાબેટમાં યોજાશે. રાજ્યના રમત-ગમત મંત્રી હર્ષ સંઘવીએ આ અંગે જણાવ્યું કે,

## (બાઇટ- હર્ષ સંઘવી)

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે યોગ દિવસ નિમિત્તે સવારે 6.40 વાગ્યે દેશવાસીઓને વર્ચ્યૂઅલ માધ્યમથી સંબોધન કરશે. જેનું જીવંત પ્રસારણ દેશભરમાં યોજાનાર યોગ દિવસના કાર્યક્રમોમાં કરાશે.

ગુજરાત રાજ્ય યોગ બોર્ડના અધ્યક્ષ શિશપાલ રાજપૂતે યોગ બોર્ડ દ્વારા યોગના પ્રચાર પ્રસાર માટે કરાયેલી કામગીરીની વિગતો આપતાં જણાવ્યું કે,

## (બાઇટ- શિશપાલ રાજપૂત)

# POST OFFICE- YOGA DAY

ટપાલ વિભાગ દ્વારા રાજ્યના આઠ સ્થળોએથી પસાર થતી કર્કવૃત્ત રેખા પરના વિસ્તારોમાં વિવિધ કાર્યક્રમો યોજી યોગ દિવસની ઉજવણી કરાશે. આ અંગે વધુ માહિતી આપે છે ટપાલ વિભાગના આસિસ્ટન્ટ ડાયરેક્ટર અલ્પેશ શાહ...

### (બાઇટ- અલ્પેશ શાહ)

# DIST. YOGA DAY

રાજ્યભરમાં આવતીકાલે આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી થનાર છે જે અંતર્ગત,

ભાવનગર જિલ્લાના અમારા પ્રતિનિધિ સુરેશ ત્રિવેદી જણાવે છે કે, શહેરની જુદી જુદી શાળાના સ્કાઉટ ગાઈડ બાળકો, શિક્ષકો, જિલ્લા સંઘના

પદાધિકારીઓ, દક્ષિણામૂર્તિ બાલપમરાટ ખાતે આવતીકાલે સાંજે 6થી 7 વાગ્યા સુધી વિવિધ યોગાસન કરશે.

દમણના અમારા પ્રતિનિધિ પ્રદીપ ભાવસાર જણાવે છે કે, ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટીના સિલ્વાસા પરિસરમાં આજે યોગ દિવસની પૂર્વ સંધ્યાએ યોગસત્રનું આયોજન કરવામાં આવ્યું હતું.

પાટણના અમારા પ્રતિનિધિ રમેશ સોલંકી જણાવે છે કે, પ્રાદેશિક વિજ્ઞાન કેન્દ્ર ખાતે યોગ દિવસની તાલુકાકક્ષાની ઉજવણી કરાશે.

અમરેલી જિલ્લાના અમારા પ્રતિનિધિ હરેશ ટાંક જણાવે છે કે, યોગ દિવસ પૂર્વે બાબરા, ભુરખિયા હનુમાન મંદિર, ધારી-આંબરડી સફારી પાર્ક, ઔદ્યોગિક વિસ્તારો શિયાળબેટ સહિતના સ્થળો પર યોગાસન કરવામાં આવ્યા હતા.

સુરેન્દ્રનગર જિલ્લાના અમારા પ્રતિનિધિ દિનેશ પરમાર જણાવે છે કે, ધોળીધજા ડેમ પર 300 પુરૂષોએ પાણીમાં યોગ કર્યા હતા. ઉપરાંત જિલ્લાના દૂધરેજ વડવાળા મંદિર પરિસર ખાતે મહિલાઓએ એક સો અગિયાર દીવડા પ્રગટાવીને લોકોને યોગ કરવા માટેનો સંદેશ પાઠવ્યો હતો.

મહીસાગરમાં લુણાવાડા ગાંધી કુટીર ખાતે સામાજિક સંસ્થા દ્વારા યોજવામાં આવેલી યોગ શિબિરમાં વિવિધ યોગાસન, સુક્ષ્મ વ્યાયામ અને પ્રાણાયામ, લાફિંગ થેરાપી કરાવવામાં આવી હતી.

મહેસાણાના અમારા પ્રતિનિધિ જયંતી ચૌધરી જણાવે છે કે, ઊંઝા ખાતે એક શાળામાં વિદ્યાર્થીઓએ યોગ દિવસની પૂર્વ તૈયારી રૂપે યોગાભ્યાસ કર્યો હતો.

## CM BANASKANTHA

રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની પૂર્વ સંધ્યાએ આજે બનાસકાંઠા પહોંચશે. શ્રી પટેલ વડગામડા ગામમાં ગ્રામસભા યોજી ગ્રામજનો સાથે સંવાદ કરશે. મુખ્યમંત્રી આ અગાઉ આદિજાતિ વિસ્તાર

નર્મદા અને તાપી જિલ્લાના ગામોમાં રાત્રિ રોકાણ તથા ગ્રામસભાઓનું આયોજન કરીને ગ્રામજનો સાથે વાતચીત કરી હતી.

મુખ્યમંત્રી એ જ ગ્રામસભાની હવેની કડીની પુનઃશરૂઆત બનાસકાંઠાના વડગામડાથી ગુરુવારે રાત્રે કરશે. નિર્ધારિત કાર્યક્રમ અનુસાર, મુખ્યમંત્રી આજે વડગામડામાં રાત્રિ રોકાણ કરીને વહેલી સવારે નડાબેટ ખાતે યોજાનારા યોગ દિવસના કાર્યક્રમમાં જોડાશે.

# GRIHA AWARD

નવી દિલ્હી ખાતેની 'ગરવી ગુજરાત' બિલ્ડીંગને ગ્રીન રેટિંગ ફોર ઇન્ટિગ્રેટેડ હેબિટાટ એસેસમેન્ટ- ગૃહ દ્વારા થ્રી-સ્ટાર રેટિંગથી સન્માનિત કરાયું છે.

GRIHA (ગૃહ) એ હેબિટાટ રહેણાંકના માધ્યમથી ઉત્સર્જનની તીવ્રતામાં ઘટાડાનું મૂલ્યાંકન કરવા માટેનું એક મહત્વપૂર્ણ સાધન છે. જે આબોહવામાં પરિવર્તનની સમસ્યાનો સામનો કરવા માટે ભારતની વ્યૂહરચનામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

એ આપ જાણો છો કે, દિલ્હી ખાતેના ગરવી ગુજરાત બિલ્ડિંગનું ઉદ્ઘાટન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા સપ્ટેમ્બર, 2019માં કરવામાં આવ્યું હતું. જેમાં વર્ટિકલ ગાર્ડન, સોલાર પેનલ્સ, સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ, જળસંવર્ધન વ્યવસ્થા અને ઘન કચરાના વ્યવસ્થાપન સુવિધાઓ જેવા પર્યાવરણને અનુકૂળ ઘટકો છે.

ઉલ્લેખનીય છે કે, ભારત સરકારના પુનઃપ્રાપ્ય ઊર્જા મંત્રાલય દ્વારા વિકસિત કરવામાં આવેલી GRIHA રેટિંગ સિસ્ટમને વર્ષ 2007માં ભારત સરકાર દ્વારા ગ્રીન બિલ્ડીંગો માટેના રાષ્ટ્રીય ધારાધોરણ તરીકે અપનાવવામાં આવી છે.

# AMIT SHAH AHMEDABAD VISIT

કેન્દ્રિય ગૃહ અને સહકારમંત્રી અમિત શાહ આવતીકાલે અમદાવાદના પ્રવાસે આવશે. શ્રી શાહ બપોરે વસ્ત્રાપુર સહકારી વસાહત પ્રાથમિક શાળા અને નારણપુરા ગુજરાતી શાળા નંબર એકની મુલાકાત લેશે. આ પ્રવાસ દરમિયાન શ્રી શાહ અમદાવાદ મહાનગરપાલિકાની નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ દ્વારા 36 કરોડ 44 લાખ રૂપિયાના ખર્ચે તૈયાર કરવામાં આવેલી 30 સ્માર્ટ શાળાનું પણ લોકાર્પણ કરશે.

ત્યારબાદ કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહ નારણપુરા ખાતે જાહેરસભાને સંબોધશે. આ પ્રસંગે રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ, રાજ્યકક્ષાના મંત્રી જગદીશ વિશ્વકર્મા, અમદાવાદનાં મેયર પ્રતિભા જૈન સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહેશે.

# CABINET DECISION

કેન્દ્ર સરકારે સાત હજાર 453 કરોડ રૂપિયાના ખર્ચ સાથે ગુજરાત અને તમિળનાડુમાં દરિયાકિનારે પાંચસો મેગાવોટના બે પવન ઉર્જા પ્રોજેક્ટ સ્થાપવાની મંજૂરી આપી છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં ગઇકાલે મળેલી કેન્દ્રીય મંત્રીમંડળની બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો.

ગુજરાત અને તમિળનાડુમાં પાંચસો મેગાવોટના બે પવન ઉર્જા પ્રોજેક્ટ સફળતાપૂર્વક શરૂ થવાથી વાર્ષિક આશરે પોણા ચાર અબજ યુનિટની પુનઃપ્રાપ્ય વીજળીનું ઉત્પાદન થશે, જે વાર્ષિક ધોરણે આશરે 30 લાખ ટન કાર્બન ઉત્સર્જનમાં ઘટાડો કરશે.

સરકાર તરફથી મળતી વીજીએફની સહાયથી દરિયાકિનારે પવન ઉર્જા પ્રોજેક્ટ્સની મદદથી વીજળી ઉત્પાદનનોનો ખર્ચ ઘટશે અને ડિસ્કોમ કંપનીઓ દ્વારા ખરીદી માટે તેમને વ્યવહારિક બનાવશે. ઓફશોર સબસ્ટેશન્સ સહિત વીજ વિતરણનું માળખું પાવર ગ્રીડ કોર્પોરેશન ઓફ ઇન્ડિયા લિમિટેડ દ્વારા બનાવવામાં આવશે.

# RAJKOT GAMEZONE SIT REPORT

રાજ્ય સરકાર દ્વારા રાજકોટ ટીઆરપી ગેમઝોન અગ્નિ દુર્ઘટના મામલે તપાસ માટે રચાયેલી વિશેષ તપાસ ટુકડીએ પોતાનો અહેવાલ સોંપવા માટે વધુ સમયની માંગણી કરી છે. આ તપાસ ટુકડી આજે પોતાનો અહેવાલ સરકારને સોંપવાની હતી.

ગાંધીનગરના અમારા પ્રતિનિધિ દુર્ગેશ મેહતા જણાવે છે કે, વિશેષ તપાસ ટુકડીને અહેવાલ માટે થોડા સમય લાગવાનો હોવાથી આજે સરકાર સમક્ષ અહેવાલ રજૂ કર્યો ન હતો.

દરમિયાન, લાંચ રૂશ્વત વિરોધી બ્યૂરોની એક યાદીમાં જણાવ્યું કે, રાજકોટ T.R.P. ગેમઝોન દુર્ઘટનામાં સંકળાયેલા રાજકોટ મહાનગરપાલિકાના શહેર આયોજન અધિકારી મનસુખ સાગઠિયા વિરૂદ્ધની તપાસ દરમિયાન 10 કરોડ રૂપિયાથી વધુની અપ્રમાણસર મિલકતનો ગુનો નોંધવામાં આવ્યો છે. લાંચ રૂશ્વત વિરોધી બ્યૂરોએ એક એપ્રિલ 2012થી 31 મે 2024ના સમયગાળા દરમિયાન આરોપી મનસુખ સાગઠિયાએ વસાવેલી મિલકતોની તપાસ હાથ ધરી હતી. દરમિયાન મેળવવામાં આવેલા દસ્તાવેજી પુરાવાઓ અને બેન્ક ખાતાઓની વિગત તેમ જ વિવિધ સરકારી કચેરીઓમાંથી મેળવેલી દસ્તાવેજી માહિતી તથા તેમના નાણાકીય વ્યવહારોની માહિતી એકત્રિત કરવામાં આવી હતી.

# TRAIN

આગામી પહેલી જુલાઇથી રેલવે વિભાગ દ્વારા અમદાવાદ મંડળમાંથી ઉપડનારી 19 જોડી પેસેન્જર વિશેષ ટ્રેનોને નિયમિત ટ્રેન નંબરો સાથે સંચાલિત થશે.

મંડળ રેલ પ્રવક્તા અમદાવાદના જણાવ્યા અનુસાર, કોરોના સમયગાળા દરમિયાન, સલામતી માટે અને કોરોનાને ફેલાતા રોકવા માટે ઘણી ટ્રેનોને

હંગામી ધોરણે બંધ કરવામાં આવી હતી. આ પછી, જરૂરી રૂટ પર વિશેષ ટ્રેન નંબર આપીને ટ્રેનોનું સંચાલન શરૂ કરવામાં આવ્યું હતું જે હવે અમદાવાદ રેલવે વિભાગમાં ટ્રેન નંબરોની આગળ 0 મૂકીને શરૂ કરાયેલી વિશેષ ટ્રેનોને નિયમિતપણે દોડાવાશે.

# WEATHER

રાજ્યમાં આગામી 48 કલાક દરમિયાન દક્ષિણ ગુજરાતના કેટલાક વિસ્તારોમાં હળવોથી મધ્યમ વરસાદ થવાની સંભાવના હવામાન વિભાગે દર્શાવી છે.

દરમિયાન છેલ્લા 36 કલાકમાં દક્ષિણ ગુજરાતના ઘણા તાલુકાઓમાં હળવોથી ભારે વરસાદ નોંધાયો છે. સૌથી વધુ 80 મીલીમીટર વરસાદ દમણમાં નોંધાયો છે. એવી જ રીતે, ઉમરગામમમાં 70, વલસાડમાં 60, પલસાણા, જલાલપોર, નવસારી અને વાપી તાલુકાઓમાં 30 મીલીમીટર, પારડી અને ચીખલીમાં 20 તેમજ ડાંગ, વાલિયા, ઓલપાડ અને સુરત શહેરમાં દસ મીલીમીટર વરસાદ થયાના અહેવાલ છે.

આ જ સમયગાળામાં રાજ્યમાં ઘણા સ્થળોએ મહત્તમ અને લઘુત્તમ તાપમાન સામાન્ય કરતાં એકથી બે ડિગ્રી વધુ નોંધાયું હતું. સૌથી વધુ 40 ડિગ્રી સેલ્શિયસ મહત્તમ તાપમાન વલ્લભવિદ્યાનગરમાં નોંધાયું, જે સામાન્ય કરતાં ચાર ડિગ્રી વધુ હતું. એવી જ રીતે, દીવમાં લઘુત્તમ તાપમાન 30 ડિગ્રી નોંધાયું, જે સામાન્ય કરતાં ચાર ડિગ્રી વધુ હતું,..

# NEWS IN BRIF

અને હવે રાજ્યના કેટલાક મહત્વના સમાચાર સંક્ષિપ્તમાં...

- ❖ નર્મદા જિલ્લામાં સ્કૂલવાન, બસ અને રીક્ષાનું RTO દ્વારા આકસ્મિક તપાસ કરાતા રોડ સલામતી અને ટ્રાફિક નિયમોનું ઉલ્લંઘન કરતા 10 જેટલા સ્કૂલ વાહન ચાલકોને એક લાખ રૂપિયાનો કરાયો.

- ❖ બનાસકાંઠાના દાંતા તાલુકાના મંડાલી ગામે કુવામાં 2 વ્યક્તિઓના ગુંગળાઈ જવાથી મોત જ્યારે ગોંડલ-જસદણ હાઇવે પર આજે સવારે થયેલા અકસ્માતમાં 2નાં મોત અને 5 ઇજાગ્રસ્ત...
- ❖ સુરેન્દ્રનગરના લખતર તાલુકાનાં કડુ ગામ નજીક એક ખાનગી બસના અકસ્માતમાં 5 વ્યક્તિ ઇજાગ્રસ્ત..
- ❖ જામનગર તાલુકાના બેડ ગામમાં ઊંટ સંવર્ગના પ્રાણીઓના આરોગ્યની ચકાસણી દરમિયાન તમામ પશુઓનું રસીકરણ કરાયું.
- ❖ કચ્છ જિલ્લાના ભચાઉ તાલુકાના મધ્યાહ્ન ભોજન યોજનાના 8 કેન્દ્રો પર સંચાલકની હંગામી નિમણૂક કરાશે. 5મી જુલાઈ સુધીમાં અરજી કરી શકાશે..
- ❖ શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા વેરાવળ તાલુકાની તમામ આંગણવાડીઓમાં 9 હજારથી વધુ બાળકોને કેરીઓનું વિતરણ કરવામાં આવ્યું...
- ❖ સુરત-મહુવાના ધારાસભ્ય મોહન ઢોડિયાએ તાપીની વાલોડ સરકારી હોસ્પિટલની મુલાકાત લીધી- અગ્નિ સુરક્ષા સહિતની સુવિધાનું નિરીક્ષણ કર્યું...